# TCI ગ્રુપે ભારતના પ્રથમ નેશનલ લોજિસ્ટિક્સ એક્સેલન્સ એવોર્ડ્સ-૨૧ જીત્યા




નેશનલ લોજિસ્ટિક્સ એક્સેલન્સ એવોર્ડ્સનો ઉદ્દેશ્ય દેશમાં લોજિસ્ટિક્સ સેવા પૂરા પાડનારાઓના પ્રયાસોને સ્વીકારવાનો છે જે ઈનોવેશન,વિવિધતા અને કાર્યક્ષમતા પ્રદર્શિત કરવામાં સક્ષમ છે. એવોર્ડ સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે વાણિજ્ય અને ઉદ્યોગપ્રગ્રાહક બાબતો,ખાદ્ય અને જાહેર વિતરણના માનનીય મંત્રી શ્રી પીયૂષ ગોયલ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. તેની પ્રથમ આવૃત્તિમાં એવોર્ડ માટે ૧૬૯ એન્ટ્રીઓ અને ૧૨ શ્રેણીઓ સાથે વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે માન્યતા ધરાવતી અરજીઓને તપાસવા, વર્ગીકૃત કરવા અને પસંદ કરવાની એક વર્ષ લાંબી પ્રક્રિયા હાથ ધરી હતી

એવોર્ડ સમારંભમાં, ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિ.એ શ્રેષ્ઠ વેરહાઉસ સર્વિસ પ્રોવાઈડર અને બેસ્ટ કોલ્ડ ચેઈન/રેફ્રિજરેટેડ સર્વિસ પ્રોવાઈડર માટે ટીસીઆઈએ ૨ કેટેગરીમાં નેશનલ એક્સેલન્સ એવોર્ડ જીત્યો હતો.

આ સિધ્ધી પર નિર્દેશ કરતાં કંપનીએ જણાવ્યું હતું કે “અમે ૨ કેટેગરીમાં એનાયત થવા બદલ સન્માનિત થયા છીએ અને અમારા પરના સતત વિશ્વાસ બદલ અમારા તમામ ગ્રાહકોનો નિષ્ઠાપૂર્વક આભાર માનીએ છીએ. આ પુરસ્કારો બધા TCI યોધ્ધાઓને સમર્પિત છે જેઓ અવિરતપણે કામ કરે છે અને અમને ‘એવરીથિંગ લોજિસ્ટિક્સ’ બનવા સક્ષમ બનાવે છે.”